# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૫-૦૪-૨૦૨૪ સોમવાર સમય : સાંજે 06:25 કલાકે**

---

## લોકસભા ચૂંટણી-કચ્છમાં નામાંકન:

આગામી સાતમી મે ના રોજ રાજ્ય લોકસભાની યોજાનારી સામાન્ય ચૂંટણીઓ માટે આજે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના કેટલાક ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા છે.

ત્યારે આવતીકાલે ૧૬મી એપ્રિલે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલની ઉપસ્થિતિમાં ભુજ ખાતે કચ્છ લોકસભા બેઠકના ઉમેદવાર વિનોદ ચાવડા નામાંકન પત્ર ભરશે. જયારે અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા કચ્છ લોકસભા ચૂંટણીના ઉમેદવાર નીતેશ લાલન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં ઉમેદવારીપત્ર રજુ કરશે. આ પ્રસંગે કચ્છભર માંથી બંને પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા રોડ શો અને સંમેલન યોજાશે.

જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર સતર્ક બની આવતીકાલે ભુજમાં યોજાનારા આ કાર્યક્રમ સંદર્ભે કાયદો અને વ્યવસ્થા જાળવવા કટિબદ્ધ બન્યા છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## આઈજી તરીકે શ્રી કોરડીયા- કચ્છમાં પદભાર:

ગઈકાલે રાજયમાં ૩૫ આઈપીએસ અધિકારીઓની બઢતી સાથે બદલી કરવામાં આવી હતી. જેમાં પૂર્વ કચ્છના પ્રથમ એસપી રહેલા કચ્છ બોર્ડર રેન્જના આઈજી તરીકે ચિરાગ કોરડીયાની નિમણૂંક કરાઈ છે. આજે તેમણે વિધિવત પોતાનો પદભાર સંભાળી લીધો હતો. આ તકે તેમણે સરહદી રેન્જના ચારેય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે દિશામાં પોલીસ કાર્યરત રહેશે તેવી લાગણી વ્યકત કરી હતી.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## સ્વીપ-ગાંધીધામ ભચાઉ:

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં મતદાનની જાગૃતિ વધે અને મતદાનની ટકાવારી ઉંચી આવે તેવા હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અમિત

અરોરા તેમજ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મેહુલ દેસાઈના માર્ગદર્શન જિલ્લામાં SVEEP હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે.

તાજેતરમાં ગાંધીધામ સંકુલમાં ચેટીચાંદ પર્વની ઉજવણી નિમિત્તે શોભાયાત્રાઓ અને સરઘસ નીકળ્યા હતા. જેમાં SVEEPની ગાંધીધામ તાલુકાની ટીમ દ્વારા મતદાન જાગૃતિ વિષયક પ્રચાર પ્રસાર બેનર્સના માધ્યમ વડે કરવામાં આવ્યો હતો. ગાંધીધામ સંકુલના બહોળા જનસમુદાય સુધી મતદાન જાગૃતિ માટે અપીલ કરવામાં આવી હતી.

તો, શ્રી નવચેતન અંધજન મંડળ વૃદ્ધાશ્રમ ભચાઉમાં ચૂંટણી પર્વની માહિતી વડીલોને આપવામાં આવી હતી. સર્વે વડીલોએ મત આપવા માટેની પ્રતિજ્ઞા લીધી હતી. ઉપરાંત , ભચાઉના ડેપ્યુટી કલેક્ટર, નાયબ મામલતદારએ વડીલોને ચૂંટણી અંતર્ગત મત અધિકાર વિશે તથા દિવ્યાંગજનો માટે મત આપવા માટે સરકારશ્રીની સેવાઓ વિશે જાગૃત કરી મત આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

- (માહિતી ખાતુ)

---

## ચૈત્રી નવરાત્રી હવન-માતાના મઢ:

કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢમાં ચૈત્રી નવરાત્રી પર્વના છઠ્ઠા નોરતે રવિવારે ગઈકાલે મોટી સંખ્યામાં યાત્રિકો ઉમટ્યા હતા. પંદર હજાર કરતાં પણ વધુ ભાવિકોએ દર્શન કર્યા હતા તો આજે પણ મી ભક્તોનો અવિરત પ્રવાહ ચાલુ છે..

આજે સાતમા નોરતે સાંજે 8 વાગ્યે જગદંબા પૂજન સાથે મઢ જાગીર અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજા બાવાના હસ્તે હોમ હવનની ધાર્મિક વિધિનો આરંભ થશે . મોડી રાત્રે સાડા ૧૨ વાગ્યે શ્રીફળ હોમ સાથે ધાર્મિક વિધિનું સમાપન થયા બાદ મા આશાપુરાનું પૂજન તેમજ આરતી થશે. આજે હોમ હવન ના આયોજનને લઈને મંદિર આખી રાત શ્રદ્ધાળુઓ માટે ખુલ્લું રહેશે. તો ભુજના આશાપુરામાતાના મંદિરે પણ હવનવિધિ યોજાશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## મતદાન જાગૃતિ બાઈક રેલી:

વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારતમાં મતદારોને મતાધિકારના ઉપયોગ મારફત પોતાના જનપ્રતિનિધિને ચૂંટવાની તક મળે છે , તેવો સૂર ભુજ ખાતે અણુવ્રત સમિતિ અને કચ્છમિત્ર દ્વારા આયોજિત ચૂંટણી શુદ્ધિ અને જનજાગૃતિ બાઇક રેલીના પ્રસ્થાન વેળાએ વ્યકત કરાયો હતો. વિવિધ સૂત્રોચ્ચાર તથા બેનર સાથે આ રેલી સમાજ જાગૃતિ અભિયાનનું સુંદર આયોજન બની હતી.

અણુવ્રત સમિતિનો મુખ્ય ઉદ્દેશ જનમાનસને મતદાન કરવા માટે જાગૃત કરવાનો છે. મતદાન દ્વારા તેમની રાષ્ટ્રીય ફરજ પૂરી કરવાનો છે અને ભય અને લાલચમાં આવીને મત ન આપે તે છે. અણુવ્રત વિશ્વ ભારતી સોસાયટી દ્વારા સમગ્ર ભારતભરમાં ચૂંટણી દરમિયાન ચૂનાવ શુદ્ધિ અભિયાન ચલાવાઇ  રહ્યું છે અને તેમાં પણ સાચી લોકશાહીના ઉત્સવ માટે લોકો સ્વયં જાગૃત બને, સાચા અને નિષ્ઠાવાન લોકોને વોટ કરે તેના માટે સ્વચ્છ ચૂંટણીનો ફેલાવીએ ઉજાસ, ભારતનો કરીએ શ્રેષ્ઠ વિકાસ. અણુવ્રત ચૂંટણી શુદ્ધિ અભિયાનના  આ સૂત્ર સાથે ઝુંબેશ ચલાવી રહી છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## રામનવમી રથયાત્રા-અંજાર:

અંજાર શહેરમાં ઘણા વર્ષોથી રામનવમીના સાંજે ભવ્ય રથયાત્રાનું આયોજન કરાય છે. આ ભવ્ય આયોજનને આખરી ઓપ અપાતા ટ્રસ્ટ દ્વારા પત્રકાર પરિષદ યોજી રથયાત્રાની સમગ્ર રૂપરેખા અને અગત્યના મુદ્દાઓ જણાવવામાં આવ્યા હતા.

- (સ્થાનિક સમાચારપત્ર)

---